આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- કલ્પના શાહ

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૧૬-૦૪-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## ચુંટણી પંચે જપ્ત કરેલ રોકડ અને ગેરકાયેદેસર વસ્તુઓ

સમગ્ર દેશમાંથી ભારતીય ચૂંટણી પંચે 2024ની લોકસભા ચૂંટણી પૂર્વે અત્યાર સુધીમાં રોકડ રકમ સહિત 4 હજાર 650 કરોડ રૂપિયાનની ગેરકાયદેસર વસ્તુઓનો જથ્થો જપ્ત કર્યો છે. જપ્ત કરાયેલી વસ્તુઓમાં 47 ટકા જેટલો જથ્થો માદક અને નશિલા પદાર્થોનો છે. લોકસભા ચૂંટણીનાં 75 વર્ષના ઇતિહાસમાં આ આંકડો સૌથી વધારે છે. 18મી લોકસભા ચૂંટણીના પ્રથમ તબક્કા માટે મતદાન પૂર્વે ચૂંટણી પંચ દ્વારા આ આંકડો જાહેર કરાયો છે.

આ પૂર્વે 2019ની લોકસભા ચૂંટણીમાં 3475 કરોડ રૂપિયાથી વધારે ગેરકાયદેસર વસ્તુઓનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે.

**(RNU અમદાવાદ)**

---

## જિલ્લા નિરીક્ષકો સાથે સમીક્ષા બેઠક

જીલ્લામાં લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ દરમિયાન ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ખર્ચ પર દેખરેખ રાખવા માટે ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલા ખર્ચ ઓબ્ઝર્વર્સને વિવિધ ટીમની કામગીરીથી અવગત કરાવવા નોડલ ઓફિસર એક્સપેન્ડીચર અને જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. નોડલ ઓફિસર એક્સપેન્ડીચર અને જિલ્લા વિકાસ અધિકારીએ પ્રેઝેન્ટેશનના માધ્યમથી તૈયારીઓ અંગેની જાણકારી આપી હતી.

આ ઉપરાંત ચૂંટણી ફરજો માટે નિયુક્ત મદદનીશ ચૂંટણી અધિકારીઓ, મદદનીશ ખર્ચ નિરિક્ષકો, ચૂંટણી ફરજનો સ્ટાફ, ચૂંટણી કામગીરી અંગેની તાલીમ, આચારસંહિતાનું અમલીકરણ, સી- વિજિલ એપ તેમજ હેલ્પલાઇન પર આવેલી આચારસંહિતા ભંગની ફરિયાદો અને તેના નિવારણ માટે કરાયેલી કામગીરી, કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટેની તૈયારીઓ સહિતની બાબતો અંગે ઝીણવટભરી વિગતોથી અવગત કરાયા હતા.

**(હેમાંગ પટ્ટણી)**

--------------------------------------------------------------------------------

## જિલ્લામાં SVEEP દ્વારા મતદાર જાગૃતી કાર્યક્રમ

લોકસભા ચુંટણી 2024 અંતર્ગત રાજ્યમાં વધુને વધુ મતદાન થાય તે માટે ચુંટણી પંચ દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ જિલ્લાઓમાં જુદાજુદા કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.

કચ્છ જિલ્લામાં SVEEP હેઠળ સતત વિવિધ મતદાર જાગૃતિની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે. જે અંતર્ગત શ્રી નવચેતન અંધજન મંડળ વૃદ્ધાશ્રમ ભચાઉમાં ચૂંટણીની માહિતી વડીલોને આપવામાં આવી હતી.

**(RNU અમદાવાદ)**

--------------------------------------------------------------------------------

## જિલ્લાના એક્સપેન્ડીચર કંટ્રોલ રૂમની મુલાકાત

લોકસભા સામાન્ય ચૂંટણી- ૨૦૨૪ દરમિયાન ઉમેદવારો દ્વારા કરવામાં આવતા ખર્ચ પર દેખરેખ રાખવા માટે ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત કરાયેલા ખર્ચ નિરિક્ષકો  કે. અશોકકુમાર અને  પ્રમોદ દત્તાએ  કલેક્ટર કચેરી ખાતે કાર્યરત એક્સપેન્ડીચર મોનિટરિંગ કંટ્રોલ રૂમની મુલાકાત લીધી હતી.  નોડલ ઓફિસર એક્સપેન્ડીચર અને જિલ્લા વિકાસ અધિકારી એસ.કે.પ્રજાપતિ અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી મેહુલ દેસાઈએ કંટ્રોલ રૂમની કામગીરી અંગે  જાણકારી આપી હતી.

આ ઉપરાંત એક્સપેન્ડીચર કંટ્રોલરૂમ ખાતે ઉપલબ્ધ અત્યાધુનિક સુવિધાઓ જેવી કે સીવીજીલ એપ, 1950 હેલ્પલાઈન, ટ્રોલ ફ્રી નંબર મારફતે આવેલી ફરિયાદનું નિવારણ, વ્હીલક ટ્રેંકિંગ સિસ્ટમ વગેરેનું નરિક્ષકોએ નિરીક્ષણ કરીને જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું.

**(માહિતી ખાતુ)**

--------------------------------------------------------------------------------

# કચ્છનો વિરાસત વૈભવ કાર્યક્રમ

વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યુટ માંડવી દ્વારા આગામી તા-18 એપ્રિલના "વિશ્વ વિરાસત દિન" નિમિતે "કચ્છનો વિરાસત વૈભવ" કાર્યક્રમ મહારાઓ વિજયરાજજી સાર્વજનિક પુસ્તકાલય, ભુજ ખાતે સાંજે યોજાશે.

આ કાર્યક્રમમાં વિવિધ વક્તાઓ દ્વારા વિષય અનુરૂપ વકતવ્ય આપવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિરંજન વ્યાસ ઓફિશિયલ યુ ટ્યુબ ચેનલ પર કરવામાં આવશે. કાર્યક્રમનો લાભ લેવા આયોજકો દ્વારા જાહેર ઈજન અપાયુ છે.

**(જાગૃતી વકીલ)**

--------------------------------------------------------------------------------

# ક્રિકેટ

ઇન્ડિયન પ્રીમિયર લીગની મેચમાં સન રાઈઝરસ હૈદરાબાદની ટીમે 3 વિકેટ નાં ભોગે વિક્રમ સર્જક 287 રન કરી પોતાનો અગાઉનો વિક્રમ તોડ્યો હતો. રોયલ ચેલેન્જર બેંગાલુરુને 25 રનથી પરાજિત કરી હતી.બેંગલૂરુ ટીમે વળતા જવાબમાં 7 વિકેટ ગુમાવી 262 રનકરી શકી હતી.

**(ચંદ્રવદન પદ્દણી)**

--------------------------------------------------------------------------------

# શ્રી અમરનાથજી યાત્રાની તારીખો, માર્ગદર્શિકા જાહેર

શ્રી અમરનાથ શ્રાઈન બોર્ડે યાત્રાની તારીખો અને માર્ગદર્શિકા જાહેર કરી છે. આ વર્ષે અમરનાથ યાત્રા ૨૯ જૂનથી શરૂ થશે અને તેના માટે નોંધણીની પ્રક્રિયા ગઈકાલથી શરૂ કરવામાં આવી છે.

શ્રાઈન બોર્ડે જણાવ્યું કે, આ વર્ષે અમરનાથ યાત્રા ૪૦ દિવસની હશે. ૨૯ જૂનથી શરૂ થનારી યાત્રા ૧૯ ઑગસ્ટે પૂરી થશે. આ યાત્રામાં જતા પહેલા શ્રદ્ધાળુઓએ અગાઉથી નોંધણી કરાવવી જરૂરી છે, યાત્રા પર જવા ઈચ્છતા શ્રદ્ધાળુઓ મંદિર ટ્રસ્ટની સત્તાવાર વેબસાઈટ પર નોંધણી કરાવી શકે છે. આ સિવાય મોબાઈલ એપ્લિકેશન શ્રી અમરનાથજી યાત્રાથી પણ નોંધણી થઈ શકે છે.

ઉત્તરાખંડ પ્રવાસન વિકાસબોર્ડ દ્વારા ચારધામ યાત્રા માટેની ઓનલાઇન નોંધણી શરૂ થઇ છે. આ ચાર ધામની યાત્રા દસમી મે થી શરૂ થશે.

**(RNU અમદાવાદ)**

---